નં.આરડીએ/કપાત/પરિપત્ર/૨૦૨૬/૭૬૬

તા. ૩૧/૦૭/૨૦૨૬

ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર.

## // પરિપત્ર //

વંચાણે લીધા:- (૧) માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી દ્વારા તા.૦૯/૦૬/૨૦૨૨ના રોજની મંજૂર નોંધ.

(૨) માન. ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી દ્વારા તા.૩૦/૦૭/૨૦૨૨ના રોજની મંજૂર નોંધ.

(૩) અત્રેની કચેરીની તા.૦૭/૦૪/૨૦૨૬ના રોજ યોજાયેલ ૧૯મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંક ૧૯/૭.

સંદર્ભ (૧) થી GIDC Estate Zone સિવાયના તમામ પ્રોસેસિંગ ઝોનમાં વિકાસ પરવાનગી આપતી વખતે ૩૫% જમીનની કપાત કરવામાં આવે છે તેમજ સંદર્ભ (૨) થી GIDC Estate Zone સિવાયના તમામ પ્રોસેસિંગ ઝોનમાં વિકાસ પરવાનગી આપતી વખતે ૨૮ માર્ચ, ૨૦૧૮ પહેલા બિનખેતી થયેલ હોય તો ૨૦% જમીનની કપાત કરવામાં આવે છે.

સંદર્ભ (૩) થી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ (UD&UHD)ની હાલમાં રહેલ કપાતના ધોરણો મુજબ GIDC એસ્ટેટ ઝોન અને ગામતળ બફર ઝોનને બાદ કરતાં તમામ પ્રોસેસિંગ ઝોન, નોન-ટી.પી. વિસ્તાર તથા નવી નગર રચના યોજનાઓ તૈયાર કરતી વખતે ૪૦% જમીન કપાત કરવાની રહેશે તેમજ ૨૮ માર્ચ, ૨૦૧૮ પહેલાની બિનખેતી થયેલ જમીનો માટે ૨૦% જમીન કપાત કરવાની રહેશે.

આમ, સદર પરિપત્ર બહાર પાડ્યાની તારીખથી અત્રેની કચેરીએ રજુ કરવામાં આવતી વિકાસ પરવાનગી માટેનું પ્લાન પ્રકરણ, રીવાઈઝ્ડ વિકાસ પરવાનગી માટેનું પ્લાન પ્રકરણ તેમજ નવી નગર રચના યોજના તૈયાર કરતી વખતે ઉકત સંદર્ભ (૩)માં જણાવ્યા મુજબનો અમલ કરવાનો રહેશે.

--સહી--

(પ્રવિણા ડી. કે)

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

જીઆઈડીસી, ગાંધીનગર

રવાના કર્યું

મુખ્ય નગર નિયોજક

જીપીસીપીએસઆઈઆરડીએ

ગાંધીનગર